ૐ હ્રીં અર્હં શ્રી કુંથુનાથાય નમઃ

મહાજનો યેન ગતઃ સ પન્થા



# સમસ્ત મહાજન



## (અબોલ જીવોનું સ્વજન)

૩૦૭, રાજશીલા બિલ્ડીંગ, ૫૯૭, જે.એસ.એસ. રોડ, ચીરાબજાર, મુંબઈ-૨.
ટેલી : ૨૨૦૬ ૦૩૯૦/૨૨૦૯ ૩૪૭૨ ● મોબાઈલ : ૯૮૨૦૦ ૨૦૯૭૬
વેબસાઈટ : www.samastmahajan.org ઈ-મેઈલ : info@samastmahajan.org

Trust Regd. No. E/15474 (Ahmedabad)

શ્રાવણ વદ ૮
પરદુઃખભંજન રાજા વિક્રમની સંવત ૨૦૬૬

પરમ વંદનીય પૂજ્યપાદ ગુરૂભગવંતોના પાવન ચરણોમાં/ પૂજ્ય સાધ્વીજી ભગવંતોના પાવન ચરણોમાં / સકળશ્રી સંઘના ચરણોમાં

સમસ્ત મહાજન ટ્રસ્ટીમંડળની કોટીશઃ વંદના

આપશ્રી સુખશાતામાં હશો.

સાધર્મિક સહાય અંગે સકળશ્રી સંઘમાં વિવિધ આયોજનો ચાલે છે. તેની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્રમાં સર્વે કરતાં અંદાજે ૧૦ હજાર પરિવાર ખરેખર આર્થિક સંકડામણ અનુભવી રહ્યા હોય તેવું ધ્યાનમાં આવ્યું છે. વિવિધ શ્રીસંઘો અને ટ્રસ્ટો આ કાર્યમાં સક્રીય છે.

અમદાવાદમાં ૨૬૦૦ પરિવારોને કાર્ડ અંતર્ગત અનાજ આદી અપાય છે.

સુરતમાં ૧૬૦૦ પરિવારોને કાર્ડ અંતર્ગત અનાજ અપાઈ રહ્યું છે.

મુંબઈમાં ૨૫૦૦ પરિવારોને કાર્ડ અંતર્ગત અનાજ અપાઈ રહ્યું છે.

તે સીવાય નાના મોટા ઘણા સંઘો સ્થાનીક સાધર્મિક પરિવારોને સહાય કરવાનો ભાવ રાખે છે અને તે મુજબ કાર્ય કરે છે તે દરેકની ખૂબ ખૂબ અનુમોદના.

આપણો સકળશ્રી સંઘનો ભાવ અને આયોજન એવા મતલબનું હોવું જોઈએ કે સાધર્મિકોને સ્વમાનભેર જીંદગી જીવવાની કળા શીખવાડીએ.

સંઘે-સંઘે ફરીને ૨૦૦-૫૦૦ રૂપીયાની અપેક્ષા રાખનાર સાધર્મિકોની સંખ્યા ઘટે તે માટેના નક્કર આયોજનની વિચારણા કરવાનો સમય પાકી ગયો છે.

આ અંગે થોડીક કાર્યવાહી અમે શરૂ કરી છે.

વિચારણા કરતા એવું લાગે છે કે,

૧) જે પરિવારમાં કોઈજ કામ કરી શકે એવી શક્તિવાળુ કોઈ પણ વ્યક્તિ ના હોય તેમને દર ત્રણ મહીને ઘરે જઈ રૂબરૂ મળી સાંત્વના સાથે સીધુ-સામાન-દવા-રોકડ રકમ આપવી.

૨) જે થોડાક શક્તિવાળા હોય તેમને નોકરી-ધંધે લગાડવા.

૩) જેમના દીકરા-દીકરી પાંચમા ધોરણમાં આવી ગયા હોય તેમને દત્તક લઈને ૧૦ વરસ રહેવા, જમવા, ભણવાની સંપુર્ણ સગવડ આપવી. શિક્ષણ સાથે સંસ્કાર આપવાનું આયોજન કરવું. દીકરી હોય તો કડી કન્યા છાત્રાલયમાં ગોઠવણ થશે. દીકરાને બોરડી ગુરૂકુળમાં મુકી શકાશે. સંપુર્ણ વિનામુલ્યે આ વ્યવસ્થાની ગોઠવણ કરી છે.

૪) ચાતુર્માસ-છ'રી પાલીત સંઘ-નવાણું-ઉપધાન-આદી કોઈપણ આયોજનમાં સહુથી પ્રથમ સાધર્મિક પરિવારોને પ્રવેશ આપવાથી તેમની કર્મનીર્જરા થશે.

૫) સાધર્મિકના સંપુર્ણ પરિવારનું મેડીકલેમ લેવાથી ઓછા ખર્ચમાં માંદગીમાં રાહત થશે.

આવા વિવિધ આયોજનો દ્વારા સકળશ્રી સંઘમાંથી સાધર્મિક પરિવારની સંખ્યા ઘટે અને તેઓ સ્વમાનભેર જીવન જીવી શકે તેવો પ્રયાસ કરીએ એજ અભ્યર્થના.

જીનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખ્યું હોય તો મિચ્છામી દુક્કડમ્

સમસ્ત મહાજન વતી
**ટ્રસ્ટીમંડળ તથા વાર્ષીક સંચાલનના સહયોગી** ના
સબહુમાન પ્રણામ

જયઉ સવ્વણુ સાસણં
સર્વજ્ઞ ભગવંતોનું શાસન જય પામો !

# સાધર્મિકભક્તિ સહચિંતન

**સ્વામી તણા સગપણ સમું, અવર ન સગપણ કોઈ;**
**ભક્તિ કરો સ્વામી તણી, સમકિત નિર્મળ હોય.**

## સાધર્મિકભક્તિ કેવી રીતે કરવી જોઇએ ?

* શાસ્ત્રીય વ્યાખ્યા મુજબ આપણે જેવા છીએ તેવા સાધર્મિકને બનાવવા એ જ ખરી સાધર્મિકભક્તિ છે.
* એ માટે સાધર્મિકોને આપણો ધંધો શિખવાડી તેમને ધંધામાં ભાગીદાર બનાવવા જોઇએ.
* દરેક શ્રીમંતે પોતાની શક્તિ મુજબ સાધર્મિક પરિવારોને દત્તક લેવા જોઇએ.
* સાધર્મિકોને સ્વજન ગણીને તેમની દરેક સમસ્યાઓ હલ કરવી જોઇએ.
* દરેક જૈન વેપારીએ સંકલ્પ કરવો જોઇએ કે તેઓ નોકરીમાં જૈનને રાખશે.
* દરેક જૈન શ્રાવક–શ્રાવિકાઓએ સંકલ્પ કરવો જોઇએ કે તેઓ જૈનની દુકાનમાંથી જ ખરીદી કરશે.
* જૈનો માટેનું એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ શરૂ કરવું જોઇએ.
* સાધર્મિકો પોતાનું ઘર ખરીદી શકે તે માટે વગર વ્યાજની લોન આપવી જોઇએ.
* શ્રીમંતોએ વિદ્યાર્થીઓને દત્તક લેવા જોઇએ અને તેમના શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉપાડી લેવો જોઇએ.
* સાધર્મિકોને ધંધા માટે ક્રેડિટ ઉપર માલ આપવો જોઇએ.
* સાધર્મિકોને ધર્મના માર્ગે પ્રવૃત્ત થવાની પ્રેરણા આપવી જોઇએ. આ માટે તેઓ નિયમિત જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, ઓળીની આરાધના, પ્રવચન શ્રવણ વગેરે આરાધનાઓ કરે તેમને પ્રભાવના આપવી જોઇએ.

❖ ❖ ❖

## સાધર્મિકોનું પુણ્ય કેવી રીતે વધે ?

* સાધર્મિકો આર્થિક રીતે પછાત છે તેનું મુખ્ય કારણ લાભાંતરાય કર્મનો ઉદય છે.
* લાભાંતરાય કર્મનો ક્ષય કરવાનું શ્રેષ્ઠ સાધન દેવગુરુની ભક્તિ છે.
* લાભાંતરાય કર્મનો ક્ષય થતાં જ સાધર્મિકોની આર્થિક વિટંબણાઓ દૂર થશે.
* સાધર્મિકો ઉલ્લાસપૂર્વક પ્રભુપૂજા કરે એ માટે તેમને પ્રભાવના રૂપે પ્રોત્સાહન આપવું જોઇએ.
* સાધર્મિકો નિયમિત સામાયિક કરે તે માટે પ્રેરણા કરવી જોઇએ અને પ્રભાવનમાં ૫૦ કે ૧૦૦ રૂપિયા આપવા જોઇએ.
* સાધર્મિકો આયંબિલ, ઉપવાસ, અટ્ઠમ વગેરે તપ કરે એ માટે પ્રેરણા કરવી જોઇએ અને ઉચિત પ્રભાવના આપવી જોઇએ. આયંબિલ દીઠ ૫૦ રૂપિયા, ઉપવાસના ૧૦૦ રૂપિયા અને અટ્ઠમના ૫૦૦ રૂપિયા આપવાનું વિચારી શકાય.
* સાધર્મિકો ઉપધાન, પૌષધ, તીર્થયાત્રા, શાશ્વતી ઓળી વગેરે આરાધના કરે તેની પ્રેરણા કરવી જોઇએ અને ઉચિત પ્રભાવના આપવી જોઇએ. ઉપધાન માટે ૧૦,૦૦૦ રૂપિયા, પૌષધદીઠ ૧૦૦ રૂપિયા, શાશ્વતી ઓળીના ૧,૦૦૦ રૂપિયા આપવાનું વિચારી શકાય.

❖ ❖ ❖

## સાધર્મિક ભક્તિનું આયોજન

* ઘણા પરિવારોને વર્ષે ૫૦૦–૫૦૦ રૂપિયાની મદદ કરવાને બદલે એક જ પરિવારને એક લાખ રૂપિયાની મદદ કરવી જોઇએ.
* સાધર્મિક જે જ્ઞાતિ/સમાજ/સંઘનો હોય તે જ જ્ઞાતિ/સમાજ/સંઘના શ્રીમંતો તેને દત્તક લે તેવી યોજના ઘડવી જોઇએ.
* દરેક શ્રીસંઘ પોતાને ત્યાંના નબળા સાધર્મિકોનો સર્વે કરાવી ગુપ્ત રીતે વિગતો તૈયાર રાખે.
* એક સાધર્મિકની જવાબદારી એક શ્રીમંત પરિવાર સંભાળી લે.
* નોટબુકમાં શ્રી નમસ્કાર મહામંત્રનું આલેખન કરનાર સાધર્મિક માટે પ્રભાવના જાહેર કરવી.
* સાધર્મિકોની વસાહતોમાં સાંકળી અટ્ઠમનું આયોજન કરવું જોઇએ.
* પવિત્ર ગિરિરાજની તળેટીમાં ચાતુર્માસ કરનાર સાધર્મિકને ૧૦,૦૦૦ રૂપિયાની પ્રભાવના આપવી જોઇએ.
* એક પરિવારને દત્તક લેનારે વર્ષે સરેરાશ ૧,૦૦,૦૦૦ (એક લાખ) રૂપિયાનો ખર્ચ કરવાની ભાવના રાખવી જોઇએ, જેમાંથી સાધર્મિકો પરિવારના નિયમિત ખર્ચ ઉપરાંત તબીબી ખર્ચ, બાળકોના શિક્ષણનો ખર્ચ અને ધંધાકીય સહાય પણ આપી શકાય.
* જે સાધર્મિકો જૈન ધાર્મિક સંસ્થાઓમાં નોકરી કરે છે, તેમનો લઘુતમ પગાર વધારીને મહિને ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ રૂપિયા કરી આપવો જોઇએ, જેથી તેમને કોઈની પાસે હાથ લાંબો ન કરવો પડે અને તેઓ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી શકે.

❖ ✤ ❖

## વર્તમાન પરિસ્થિતિ

* વર્તમાનના દુઃષમ કાળમાં આપણા હજારો સાધર્મિકો અત્યંત વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે.
* મુંબઈ, અમદાવાદ અને સુરત જેવાં મહાનગરોમાં અનેક સાધર્મિકો ઝૂંપડપટ્ટીમાં રહે છે.
* સાધર્મિક બંધુઓ પાસે રોજીનું ઉચિત સાધન ન હોવાથી ઘણા સાધર્મિકો મજૂરી પણ કરે છે.
* સાધર્મિક બહેનો ખાખરા–પાપડ વણીને પોતાનું ગુજરાન ચલાવે છે.
* અમુક સાધર્મિકો મુસ્લિમોને ત્યાં પણ નોકરી કરે છે.
* ઘણી સાધર્મિક બહેનો પારકાં ઘરે નોકરાણી તરીકે પણ કામ કરે છે.
* ઘણા સાધર્મિકો નોકરીના અભાવે બેકાર છે.
* ઘણા સાધર્મિકોને માથે દેવું હોવાથી પત્નીના દાગીના ગિરવે મૂક્યા છે.
* અમુક સાધર્મિકો કેરોસીનની અથવા શાકભાજીની લારી ચલાવે છે.

❖ ✤ ❖

## વર્તમાનમાં ચાલતી પ્રવૃત્તિઓ

* સાધર્મિકોના ઉત્થાન માટે વર્તમાનમાં પ્રસંશનીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે.
* અમુક સંસ્થાઓ સાધર્મિકોને નિયમિત અનાજ વગેરેની મદદ કરે છે.
* અમુક સંસ્થાઓ સાધર્મિકોને તબીબી સારવારમાં રાહત આપે છે.
* અમુક સંસ્થાઓ સાધર્મિકોને ધંધા માટે લોન–સ્કોલરશિપ આપે છે.
* અમુક સંસ્થાઓ ધંધા માટે લોન આપે છે.
* અમુક સંસ્થાઓ સાધર્મિકો માટે નોકરીની વ્યવસ્થા કરી આપે છે.
* અમુક સંસ્થાઓ સાધર્મિકો માટે સસ્તા આવાસોની સગવડ કરી આપે છે.
* અમુક સંસ્થાઓ નિયમિત મની ઓર્ડર કરીને રોકડ મદદ આપે છે.
* આ બધી જ પ્રવૃત્તિઓ અનુમોદનીય છે.

❖ ✤ ❖

## સકળ શ્રીસંઘને નમ્ર વિનંતી

* આપના શ્રીસંઘમાં નબળા સાધર્મિક પરિવારોનો તાત્કાલિક સર્વે કરાવો.
* આ દરેક પરિવારને દત્તક લઈ શકે તેવા શ્રીમંતો શોધી કાઢો.
* આ માટે પ્રભાવનાનું અલાયદું ભંડોળ ઊભું કરો.
* આપના શ્રીસંઘમાં સાધર્મિકો માટે શ્રી નમસ્કાર મહામંત્રના લેખનની યોજના શરૂ કરો.
* ઉપધાન, ચાતુર્માસ, છ'રી પાલિત સંઘ વગેરે અનુષ્ઠાનો માટે સાધર્મિકોને પ્રભાવના જાહેર કરો.
* આપના શ્રીસંઘમાં નોકરી-ધંધા વગરના સાધર્મિકોની યાદી તૈયાર કરો.
* બધા સાધર્મિકો જૈનોની વસાહતોમાં જ રહે તેવી કોશિષ કરો.
* જૂના શહેરમાં જે મકાનો ખાલી પડે ત્યાં સાધર્મિકોને વસાવવાની કોશિષ કરો.
* જે ગામમાં દેરાસર હોય પણ જૈનોનાં ઘરો ન હોય ત્યાં સાધર્મિકોને વસાવવાની કોશિષ કરો.

## યાદ રાખો !

**ત્રાજવાના એક પલડાંમાં જીવનમાં કરેલો બધો ધર્મ મૂકો અને બીજા પલડાંમાં સાધર્મિકની ખરા અર્થમાં કરેલી ભક્તિ મૂકવામાં આવે તો સાધર્મિક ભક્તિની કિંમત વધી જાય છે.**

**સાધર્મિકો વિના ધર્મ પણ ટકી શકતો નથી, માટે સાધર્મિકભક્તિને સૌથી વધુ મહત્ત્વ આપો.**

આપશ્રી જે સંઘમાં ચાતુર્માસાર્થે બીરાજમાન છો ત્યાંના કોઈપણ સાધર્મિક પરિવારના દીકરા-દીકરીને ભણવું હોય તો અમારો સંપર્ક કરે - આપશ્રી વિહાર દરમ્યાન ગામડાના સાધર્મિકોના સંપર્કમાં આવો અને તેમના દીકરા-દીકરીઓને ભણવું હોય તો પણ જરૂર સંપર્ક કરશોજી.

**જે સાધર્મિકો નોકરી વગરના હોય તેમને રૂા. ૫૦૦૦ થી રૂા. ૧૦૦૦૦ પગાર આપી નોકરીએ રાખી નીચે મુજબના કાર્યોમાં પણ જોડી શકાય.**

૧) સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે વિહારમાં રાખવા ૨) જિનમંદિર શુદ્ધિ ૩) પ્રતિમા શુદ્ધિ
૪) જ્ઞાનભંડાર શુદ્ધિ ૫) ઉપાશ્રય-ધર્મશાળા શુદ્ધિ ૬) નવટુંક શુદ્ધિ ૭) ગિરનારજી શુદ્ધિ
૮) સંઘસ્વામીવાત્સલ્યમાં પીરસવાની ભક્તિ ૯) આયંબીલ શાળા શુદ્ધિ-પીરસવાની ભક્તિ
૧૦) શ્રી જૈન સંઘના કોઈપણ કાર્યોમાં આજે જ્યારે કાર્યકર્તાઓનો અભાવ છે ત્યારે આ સાધર્મિક પરિવારના સભ્યને પરિવારનો સારી રીતે નિર્વાહ કરી શકે તેવો વ્યાજબી પગાર અર્પણ કરી શ્રીસંઘના તમામ-નાના મોટા કાર્યમાં જોડી શકાય.